**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


તા.૨૬/૦૪/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૮૦૦/૧૮**

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

## ઘરફોડ ચોરી ના ગુનાનો ભેદ ઉકેલતી શાહીબાગ પોલીસ

મહે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મહે.સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અ.ના.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ તથા સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ ડી.ટી.ડામોર તથા અ.હેડ.કોન્સ.દશરથભાઇ રામલાલ બ.નં. ૭૦૮૧ તથા પો.કોન્સ.પર્વતસિંહ કાનાજી બ.નં.૫૨૫૫ તથા લોકરક્ષક જીતેંદ્રકુમાર કૌશલરાવ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તાર માં બનતા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુંહાઓ શોધી કાઢવા પેટ્રોલીંગ માં હાજર હતા તે દરમ્યાન પ્રભુનગર સર્કલ અસારવા શાહીબાગ ખાતે થી પો.સબ.ઇન્સ ડી.ટી.ડામોર નાઓને મળેલ ખાનગી હકીકત આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૦૮/૨૦૧૮ ઇ.પી.કો.કલમ.૩૮૦ મુજબના ગુનાનો આરોપી વિજય ઉર્ફે બિચ્છુ સ/ઓ ભીખાભાઇ જાતે ઠાકોર ઉ.વ.૨૫ રહે- ઠાકોરવાસ હરીપુરા અસારવા શાહીબાગ અમદાવાદ નાને પકડી તેની પાસેથી એક એમ.આઇ મેક્ષ- ૨ કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ. ૮,૦૦૦/- તથા ચાંદીના પાયલ નંગ – ૨ કિ.રૂ. ૨,૫૦૦/- તથા રોકડા રૂ. ૪૨૦/- ગણી કુલ્લે કી.રૂ.૧૦,૯૨૦/- ની મત્તાનો મુદ્દામાલ રીકવર કરી આજરોજ તા. ૨૪/૦૪/૨૦૧૮ ના કલાક ૧૭/૦૦ વાગે અટક કરી ઉપરોક્ત ગુનો ડીટેક્ટ કરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

"એસ.જી.હાઇ-વે-૧" ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "એસ.જી.હાઇ-વે-૧" ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.